# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

## સિન્ડિકેટની સભા (તારીખઃ૨૯/૧૧/૨૦૧૭)

## કાર્યનોંધ

સિન્ડિકેટની સભા, તારીખઃ૨૯/૧૧/૨૦૧૭ ને બુધવારના રોજ સવારના ૧૦:30 વાગ્યે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર મુકામે મળી હતી.

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

| ક્રમ | સભ્યશ્રીઓના નામ |
|---|---|
| ૧) | ડૉ. શિરીષ આર. કુલકર્ણી (કુલપતિશ્રી) |
| ૨) | શ્રી મનસુરી, જોઇન્ટ ડાયરેકટર, (કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્યના પ્રતિનિધિ) |
| ૩) | ડૉ.વી.એસ.પુરાણી, જોઇન્ટ ડાયરેકટર (કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્યના પ્રતિનિધિ |
| ૪) | ડાયરેકટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન |
| ૫) | શ્રી ઇન્દ્રજીત નટવરલાલ પટેલ |
| ૬) | શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ |
| ૭) | શ્રી પ્રજ્ઞેશકુમાર અરવિંદભાઇ પટેલ |
| ૮) | ડૉ. ભાવેશભાઇ ડી. પટેલ |
| ૯) | શ્રી દેવાંગભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૦) | ડૉ. ફારોખ સોરાબજી ઉમરીગર |
| ૧૧) | ડૉ. એન. વી. શાસ્ત્રી |

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-

૧) ડાયરેકટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન
૨) ડૉ. (પ્રિ.) મોહનભાઇ છગનભાઇ પટેલ
૩) શ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ
૪) શ્રી ગિરિશ બી. જાની (ઇ-મેઇલથી જાણ કરી)
૫) શ્રી રજનીકાંત પટેલ
૬) શ્રી નીલેશ જયંતિભાઇ પટેલ (જાણ કરી)
૭) શ્રી યોગેન્દ્રસિંહ સોલંકી

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાન બાદ કુલપતિશ્રીએ સૌ સભ્યોને આવકાર્યા હતા, ત્યાર બાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું.

૧. તારીખઃ૨૭/૦૯/૨૦૧૭ની રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.
(બિડાણઃ૧ પૃ ૧ થી ૮)

ચર્ચા બાદ તારીખઃ૨૭/૦૯/૨૦૧૭ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.

૨. તારીખઃ ૨૭/૦૯/૨૦૧૭ની રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિના અહેવાલની નોંધ લેવા બાબત. (બિડાણઃ ૨)

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૨૭/૦૯/૨૦૧૭ની રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહીની નોંધ લીધી.

**(સિન્ડિકેટ વિભાગ)**

૩.૦ કા.આચાર્યશ્રી, એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદ જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સીનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે એક વધારાનું ડીવીઝનનું નવું જોડાણ(અનુક્રમે પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષનું ફકત એક વર્ષ માટે જ)આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.
(બિડાણઃ૩.૧ પૃ ૯ થી ૧૧)

૩.૧ કા. આચાર્યશ્રી, એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદ જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સીનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે બીજું વધારાનું ડીવીઝનનું નવું જોડાણ (અનુક્રમે પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષનું ફકત એક વર્ષ માટે જ)આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.
(બિડાણઃ૩.૨ પૃ ૧૨ થી ૧૪)

૩.૨ કા. આચાર્યશ્રી, એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદ જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સીનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ત્રીજું વધારાનું ડીવીઝનનું નવું જોડાણ (અનુક્રમે પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષનું ફકત એક વર્ષ માટે જ)આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.
(બિડાણઃ૩.૩ પૃ ૧૫ થી ૧૭)

૩.૩ કા. આચાર્યશ્રી, એમ. બી. પટેલ સાયન્સ કોલેજ, આણંદ જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સીનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચોથું વધારાનું ડીવીઝનનું નવું જોડાણ (અનુક્રમે પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષનું ફકત એક વર્ષ માટે જ)આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણઃ૩.૪ પૃ ૧૮ થી ૨૦)

૩.૪ કા. આચાર્યશ્રી, એમ. બી. પટેલ એપ્લાઇડ સાયન્સ કોલેજ, મોગરીમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સી(કેમેસ્ટ્રી)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવું જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૫ પૃ ૨૧ થી ૨૩)

૩.૫ કા. આચાર્યશ્રી, એમ. બી. પટેલ એપ્લાઇડ સાયન્સ કોલેજ, મોગરીમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સી(માઇક્રોબાયોલોજી)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવું જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૬ પૃ ૨૪ થી ૨૬)

૩.૬ આચાર્યશ્રી, શ્રીમતી મિનાક્ષીબેન ડી. પટેલ ઇન્સ્ટિટયુટ ઓફ એપ્લાઇડ સાયન્સ એન્ડ રીસર્ચ, આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(કેમેસ્ટ્રી)બીજું વધારાનું ડીવીઝનનો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવું બીજું વધારાનું ડીવીઝનનું જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ?તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણઃ૩.૭ પૃ ૨૭ થી ૨૯)

૩.૭ આચાર્યશ્રી, શ્રીમતી મિનાક્ષીબેન ડી. પટેલ ઇન્સ્ટિટયુટ ઓફ એપ્લાઇડ સાયન્સ એન્ડ રીસર્ચ, આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(મેથેમેટીકસ)એક વધારાનું ડીવીઝનનો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવું એક વધારાનું ડીવીઝનનું જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણઃ૩.૮ પૃ ૩૦ થી ૩૨)

૩.૮ વિનાયકા કોલેજ ઓફ ફિઝીયોથેરાપી, નડીયાદમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ ફીઝીયોથેરાપીનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણઃ૩.૯ પૃ ૩૩ થી ૩૫)

૩.૯ કા.આચાર્યશ્રી, નોલેજ ઈન્સ્ટિટયુટ ઓફ ફિઝીયોથેરાપી, બાકરોલમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ ફીઝીયોથેરાપીનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૧૦ પૃ ૩૬ થી ૩૮)

૩.૧૦ આચાર્યશ્રી, પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.ડી(ફોરેન્સીક મેડીસીન)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવું જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણઃ૩.૧૧ પૃ ૩૯ થી ૪૧)

૩.૧૧ કા.આચાર્યશ્રી, આણંદ હોમિયોપેથીક કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયુટ, આણંદ જૂન-૨૦૧૭ થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.ડી.(હોમિયોપેથીક)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા ત્રણ વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૧૨ પૃ ૪૨ થી ૪૪)

(નોંધઃ ઉપરોકત બાબત ક્રમાંકઃ ૩.0 થી ૩.૧૧ ની ચર્ચા એક સાથે હાથ ધરવામાં આવી.)

ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે ઓન-ધ-સ્પોટ કમિટિ દ્વારા જે તે સંસ્થામાં સ્થાનિક તપાસ સમિતિએ સૂચવેલ બાબતો પરિપૂર્ણ ન કરી હોય તેવી તમામ સંસ્થાઓને ૩ મહિનાનો સમયગાળો આપવો અને તમામ શરતોને પરિપૂર્ણ કરાવવી, ત્યાં સુધી એફિલીએશનની કામગીરી અટકાવવી અને નવેસરથી ઓન ધ સ્પોટ કમિટી મોકલવી, અને પુનઃ મોકલેલ ઓન-ધ-સ્પોટ કમિટિનો તમામ ખર્ચ જે તે સંસ્થાએ ભોગવવાનો રહેશે તથા જે સંસ્થાઓએ શરતો પૂરેપૂરી પરિપુર્ણ કરેલ હોય તેવી સંસ્થાઓના જોડાણના અહેવાલો સ્વીકારવા અને રાજ્ય સરકારશ્રીને જોડાણના જાહેરનામા માટે ભલામણ કરવી.

૪.0 સેક્રેટરીશ્રી, તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ, બાકરોલ દ્વારા સંચાલીત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનીસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ, વલ્લભ વિદ્યાનગરમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે B.B.A(GEN)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા કાયમી જોડાણ મેળવવા માટે તેમના તારીખઃ૧૨/૦૫/૨૦૧૭ના પત્રાંકઃ TFT/Corres/932/17થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે વિચારણા કરવા બાબત.

૪.૧ સેક્રેટરીશ્રી, તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ, બાકરોલ દ્વારા સંચાલીત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનીસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ, વલ્લભ વિદ્યાનગરમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે B.B.A(ISM)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા કાયમી જોડાણ મેળવવા માટે તેમના તારીખઃ૧૨/૦૫/૨૦૧૭ના પત્રાંકઃ TFT/Corres/934/17થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે વિચારણા કરવા બાબત.

૪.૨ સેક્રેટરીશ્રી, તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ, બાકરોલ દ્વારા સંચાલીત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનીસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ, વલ્લભ વિદ્યાનગરમાં જૂન-૨૦૧૬થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે B.C.Aનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા કાયમી જોડાણ મેળવવા માટે તેમના તારીખઃ૧૨/૦૫/૨૦૧૭ના પત્રાંકઃTFT/Corres/933/17 થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે વિચારણા કરવા બાબત.

૪.૩ સેક્રેટરીશ્રી, તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ, બાકરોલ દ્વારા સંચાલીત સરદાર પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઇડ સાયન્સ, વલ્લભ વિદ્યાનગરમાં જૂન-૨૦૧૫થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે B.S.C.(BT, Micro, Chemistry)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા કાયમી જોડાણ મેળવવા માટે તેમના તારીખઃ૧૫/૦૫/ ૨૦૧૭ના પત્રાંકઃTFT/Corres/936/17થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધઃ ઉપરોકત બાબત ક્રમાંકઃ ૪.૦ થી ૪.૩ની ચર્ચા એક સાથે હાથ ધરવામાં આવી.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત ક્રમાંકઃ ૪.૦ થી ૪.૩ સુધી કરેલ અરજીઓ માટે સ્થાનિક તપાસ સમિતિઓ નીમવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૫. યુનિવર્સિટીના નવા ઓર્ડિનન્સ ૪૨ મુજબ નવા જોડાણની અરજીઓ નીચે મુજબ ત્રણ સંસ્થાની આવેલ છે. તો સ્વીકારવી કે કેમ? તેની વિગત નીચે દર્શાવેલ છે. અને જો સ્વીકારવાની થાય તો સંસ્થા પાસે કેટલી લેઇટ ફી વસુલ કરવી તેની સ્પષ્ટતા કરવા બાબત.

| ક્રમનં | કોલેજ/ટ્રસ્ટનું નામ | અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | અરજીનો પત્ર નંબર અને તારીખ | ફીની વિગત |
|---|---|---|---|---|---|
| ૧. | સિધ્ધી વિનાયક નર્સિંગ ઈન્સ્ટિટયુટ, ડાકોર. | બી.એસ.સી (નર્સિંગ) | નવું જોડાણ/ નવી ઈન્સ્ટિટયુટ /નવું મંડળ | MNDT/2017-18/009 તા.૧૪/૦૮/૨૦૧૭ ઈન્વર્ડ નંઃ૭૯૫૨ તા.૧૪/૦૮/૨૦૧૭ | એફીલીએશન-રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦,૦૦૦/- તા.૨૬/૦૯/૨૦૧૭ રસીદ નંઃ૦૦૩૭૩૮૭ એપ્લીકેશન ફોર્મ ફી રૂ.૫૦,૦૦૦/- તા.૨૬/૦૯/૨૦૧૭ રસીદ નંઃ૦૦૩૭૩૮૬ |
| ૨. | સંજીવની એજયુકેશન ટ્રસ્ટ, રાજકોટ શાખાઃ વલ્લભ વિધાનગર. | બેચલર ઓફ ફીઝીયોથેરાપી | નવું જોડાણ/ નવી ઈન્સ્ટિટયુટ /નવું મંડળ | SET/08/2017-18 તા.૧૭/૦૯/૨૦૧૭ ઈન્વર્ડ નંઃ૧૦૯૪૩ તા.૦૩/૧૦/૨૦૧૭ | પત્ર લખીને જોડાણ મેળવવા માટે જાણ કરેલ છે. હજુ સંસ્થા પાસેથી અરજી ફોર્મ લીધેલ નથી. |
| ૩. | ભાર્ગવા કોલેજ ઓફ ફીઝીયોથેરાપી વિધાગ્રામ, દહેમી. | બેચલર ઓફ ફીઝીયોથેરાપી | નવું જોડાણ/ નવી ઈન્સ્ટિટયુટ | SECT/335/2017 તા.૨૫/૦૯/૨૦૧૭ ઈન્વર્ડ નંઃ૧૦૫૬૨(૨) તા.૨૬/૦૯/૨૦૧૭ | સંસ્થા એ અરજી ફોર્મ આપેલ છે. પરંતુ ફી ભરાવેલ નથી. |

લંબાણપુર્વકની ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે ક્રમાંકઃ ૧ માં દર્શાવેલ કોલેજ/ટ્રસ્ટ દ્વારા નિયમ મુજબ એફિલીએશન ફી વસુલ મેળવી આગળની કાર્યવાહી હાથ ધરવી તથા ક્રમાંકઃ નં. ૨ અને ૩ માટે કોલેજ/ટ્રસ્ટ તરફથી માત્ર યુનિવર્સિટીને જાણ કરેલ હોઇ તેઓની વિનંતી ગ્રાહ્ય રાખવી નહિ.

(**એકેડેમીક વિભાગ**)

૬. શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલીત **આણંદ ઇન્સ્ટીટયુટ ઓફ સોશ્યલ વર્ક, આણંદમાં** ડૉ. નિનાદ શીરીષભાઇ ઝાલાની પ્રિન્સિપાલ(આચાર્ય) તરીકે (Rs.37400-67000 and AGP of 9000p.m.)ના પગાર ધોરણ મુજબ કરેલ નિમણુંકને માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલીત **આણંદ ઇન્સ્ટીટયુટ ઓફ સોશ્યલ વર્ક, આણંદમાં** ડૉ. નિનાદ શીરીષભાઇ ઝાલાની પ્રિન્સિપાલ(આચાર્ય) તરીકે કરેલ નિમણુંકને માન્યતા આપવી.

૭. ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ભીખાભાઇ જીવાભાઇ વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરમાં કોમર્સ અને એકાઉન્ટન્સી વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. પરેશકુમાર ઉકાભાઇ મોરધરાને ફિકસ પગારમાં પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ પુરા પગારમાં સમાવેશ કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ભીખાભાઇ જીવાભાઇ વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગમાં કોમર્સ અને એકાઉન્ટન્સી વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. પરેશકુમાર ઉકાભાઇ મોરધરાને ફિકસ પગારમાં પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ પુરા પગારમાં સમાવેશ કરવાની બાબત મંજૂર કરવી.

૮. ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ભીખાભાઇ જીવાભાઇ વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરમાં શારિરીક શિક્ષણ વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા વસાવા પ્રદીપકુમાર કરમસીંગભાઇને ફિકસ પગારમાં પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ પુરા પગારમાં સમાવેશ કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ભીખાભાઇ જીવાભાઇ વાણિજ્ય મહાવિદ્યાલય, વલ્લભ વિદ્યાનગરમાં શારિરીક શિક્ષણ વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા વસાવા પ્રદીપકુમાર કરમસીંગભાઇને ફિકસ પગારમાં પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ પુરા પગારમાં સમાવેશ કરવાની બાબત મંજૂર કરવી.

૯. યુનિવર્સિટી સંલગ્ન નીચેની કોલેજમાં અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

**શાંન્તાબેન મનુભાઇ પટેલ સ્કુલ ઓફ સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન આર્કીટેકચર એન્ડ ઇન્ટીરીયર ડીઝાઇન,** (SMAID)**, ન્યુ. વિદ્યાનગર**

| **અ.નં.** | **નામ અને લાયકાત** | **નિમણૂંકનો હોદ્દો** | **શેરો** |
|---|---|---|---|
| ૧. | અભિનવ શ્રીવાસ્તવ<br>બી. (આર્કીટેકચર) ૨૦૧૩, ૭૪%, ફર્સ્ટ<br>એમ.ટેક. સિવીલ (ઝીયોમેટીકસ એન્જિ.) ૨૦૧૭, ૬.૪૫, CGPA<br>**શૈક્ષણિક અનુભવઃ** ૯ માસ લેકચરર | આર્કીટેકચર માં આસીસ્ટન્ટ પ્રોફેસર | લાયકાત ધરાવે છે. |
| ૨. | રામી પ્રશાંતકુમાર ભાનુપ્રસાદ<br>બી.(આર્કીટેકચર) ૨૦૧૨, ૫૮.૬૬%, સેકન્ડ કલાસ<br>માસ્ટર ઓફ પ્લાનીંગ ૨૦૧૬, ૬૨.૨૦%, ફર્સ્ટ કલાસ<br>**શૈક્ષણિક અનુભવઃ** ૭ માસ આસીસ્ટન્ટ આર્કિટેકટ | આર્કીટેકચર માં આસીસ્ટન્ટ પ્રોફેસર | લાયકાત ધરાવે છે. |
| ૩. | પટેલ મોનીકાબેન પ્રવિણકુમાર (પટેલ મોનીકાબેન પિયુષકુમાર)<br>ડિપ્લોમાં ઇન આર્કીટેકચર, ૨૦૦૮,<br>૭૦.૭૩%, ફર્સ્ટ કલાસ ડીસ્ટીકશન<br>બી.(આર્કીટેકચર) ૨૦૧૪, ૬૯%, C+<br>માસ્ટર ઓફ અર્બન એન્ડ રીજીયોનલ પ્લાનીંગ ૨૦૧૬, ૬૫.૧૫%, ફર્સ્ટ કલાસ | આર્કીટેકચર માં આસીસ્ટન્ટ પ્રોફેસર | લાયકાત ધરાવે છે. |

આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197 અન્વયે ઉપરોકત શાંન્તાબેન મનુભાઇ પટેલ સ્કુલ ઓફ સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન આર્કીટેકચર એન્ડ ઇન્ટીરીયર ડીઝાઇન, (SMAID), ન્યુ. વિદ્યાનગરમાં ક્રમાંકઃ ૧ થી ૩ ની કરેલ નિમણૂંકને માન્ય રાખવી.

## (સિન્ડિકેટ વિભાગ)

૧૦. પ્રિન્સીપાલશ્રી, સ્કુલ ઓફ નર્સિંગ ઝાયડસ હોસ્પીટલસ એન્ડ હેલ્થકેર રીસર્ચ પ્રા. લી., આણંદ તેઓના પત્રાંક નં:SONZHHRPL/OUT/643/11/10/2017 તા.૧૧/૧૦/૨૦૧૭ના પત્રમાં તેઓની કોલેજનું નામ "School of Nursing, Zydus Hospitals & Healthcare Research Pvt Ltd" હતું તેના બદલે હવેથી કોલેજનું નવું નામકરણ "College Of Nursing, Zydus Hospitals & Health Care Research Pvt Ltd"ના નામકરણથી તબદીલ કરવા કરેલ અરજી પર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૪ પૃ ૪૫ થી ૪૬)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત કોલેજનું નામ “School of Nursing, Zydus Hospitals & Healthcare Research Pvt Ltd” હતું તેના બદલે હવેથી કોલેજનું નવું નામકરણ “College Of Nursing, Zydus Hospitals & Health Care Research Pvt Ltd”ની બાબત અંગે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી નામ બદલવા અંગે મંજૂરી આપવી અને આગામી માર્ચ-૨૦૧૮ની સેનેટ સમક્ષ રજૂ કરવું.

**(યુ.જી.સી. વિભાગ)**

૧૧. વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હી દ્વારા તેઓની વેબસાઈટ પર મૂકવામાં આવેલ તારીખઃ૧૮/૧૦/૨૦૧૭ની પબ્લિક નોટીસ ક્રમાંક F.1-8/2016 (JS/F/CPP-II)થી જણાવ્યા મુજબ તારીખઃ ૩૦/૦૯/૨૦૧૭ના રોજ પૂરી થઈ ગયેલ હોય તેવી ત્રીસ (૩૦) યોજનાઓને તારીખઃ ૩૧/૦૩/૨૦૧૯ સુધી અનુદાન ચાલુ રાખવા જાણ કરેલ છે. જેની નોંધ લેવા બાબત.

(બિડાણ -૫ પૃ.૪૭ થી ૫૧)

આથી ઠરાવવામાં આવે છે કે વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હી દ્વારા તેઓની વેબસાઈટ પર મૂકવામાં આવેલ તારીખઃ૧૮/૧૦/૨૦૧૭ની પબ્લિક નોટીસ ક્રમાંક F.1-8/2016 (JS/F/CPP-II)થી જણાવ્યા મુજબ તારીખઃ ૩૦/૦૯/૨૦૧૭ના રોજ પૂરી થઈ ગયેલ હોય તેવી ત્રીસ (૩૦) યોજનાઓ પૈકી UGC-HRDC ની બાકી ગ્રાન્ટ મેળવવા માટે પ્રયત્ન કરવો તથા UGC-HRDC ખાતે ઇન્ચાર્જ પ્રો.એમ.કે.યાજ્ઞિક તાઃ૧૪/૬/૨૦૧૭થી વયમર્યાદાને કારણે નિવૃત્ત થયેલ છે. પરંતુ તેઓ પુર્ણ સમય ફરજ બજાવતા હોઈ માનધન નકકી કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

**(એકેડેમીક વિભાગ)**

૧૨. નડીયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી આઇ. વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નડીયાદમાં કોમર્સ/એકાઉન્ટન્સી વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસરતરીકે ફરજ બજાવતા ડૉ. કિશોરભાઇ ગોરખભાઇ ઢોલેને ફિકસ પગારમાં પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ પુરા પગારમાં સમાવેશ કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નડીયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી આઇ. વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નડીયાદમાં કોમર્સ/એકાઉન્ટન્સી વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસરતરીકે ફરજ બજાવતા ડૉ. કિશોરભાઇ ગોરખભાઇ ઢોલેને ફિકસ પગારમાં પાંચ વર્ષની સેવા સંતોષકારક પુર્ણ કરેલ હોય આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે રાજ્ય સરકારશ્રીએ પુરા પગારમાં સમાવેશ કરવાની બાબત મંજૂર કરવી.

૧૩. યુનિવર્સિટી સંલગ્ન નીચેની કોલેજમાં અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

**શ્રી એ. એન. પટેલ પી. જી. ઇન્સ્ટીટ્યુટ, આણંદ**

| નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | ડૉ. વિશાલકુમાર ભુપેન્દ્રકુમાર પુરોહીત<br>બી.એસસી. (કેમેસ્ટ્રી) ૨૦૧૦ ૭૩.૯૭%, ફર્સ્ટ ડીસ્ટીકશન<br>એમ.એસસી. (ઓર્ગેનીક કેમેસ્ટ્રી) ૨૦૧૨ 7.46 CGPA<br>**પી.એચડી. (કેમેસ્ટ્રી) ૨૦૧૭**<br>SET (કેમેસ્ટ્રી સાયન્સ) ૨૦૧૧ | એમ.એસસી. (કેમેસ્ટ્રી) વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર | લાયકાત ધરાવે છે. |
| ૨. | સુરતી વિરલકુમાર વિનોદચંન્દ્ર<br>બી.એસસી.(સ્પેશીયલ) ૨૦૦૫ ૫૨.૩૩%,સેકન્ડ કલાસ<br>ડીપ્લોમાં ઇન મેડીકલ લેબોરેટરી ટેકનોલોજી, ૨૦૦૬<br>૬૭.૫૦%, ફર્સ્ટ કલાસ<br>એમ.એસસી.(માઇક્રોબાયોલોજી) ૨૦૦૮ ૬૧.૫૦%, ફર્સ્ટ કલાસ<br>**પી.એચડી. (લાઇફ સાયન્સ) ૨૦૧૭** | એમ.એસસી. (માઇક્રોબાયોલોજી) વિષયમાં આસીસ્ટન્ટ પ્રોફેસર | લાયકાત ધરાવે છે. |
| ૩. | પટેલ દિશાબેન વિજયકુમાર<br>બી.એસસી.(બાયોકેમેસ્ટ્રી) ૨૦૦૪ ૬૫.૩૭%, ફર્સ્ટ કલાસ<br>એમ.એસસી. (બાયોકેમેસ્ટ્રી) ૨૦૦૬ ૫૯.૧૩%, સેકન્ડ કલાસ<br>**પી.એચડી. (બાયોકેમેસ્ટ્રી) ૨૦૧૬** | એમ.એસસી. એમટી-સીએલટીમાં ટ્યુટર | લાયકાત ધરાવે છે. |
| ૪. | પટેલ કિંજલબેન રાજેશભાઇ<br>બી.એસસી.(બાયોકેમેસ્ટ્રી) ૨૦૧૨ ૫૩.૯૩%, સેકન્ડ કલાસ<br>એમ.એસસી. એમટી.(સીએલટી) ૨૦૧૪ ૬૩.૩૩%, ફર્સ્ટ કલાસ | એમ.એસસી. એમટી-સીએલટીમાં ટ્યુટર | લાયકાત ધરાવે છે. |

આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197 અન્વયે ઉપરોકત શ્રી એ. એન. પટેલ પી. જી. ઇન્સ્ટીટ્યુટ, આણંદમાં ક્રમાંકઃ ૧ થી ૪ ની કરેલ નિમણુંકને માન્ય રાખવી.

**(મહેકમ વિભાગ)**

૧૪. રાજય સરકારશ્રીએ સને ૨૦૧૮ના પંચાંગી વર્ષ માટે જાહેર કરેલ તહેવારોની રજાઓના સંદર્ભમાં યુનિવર્સિટી કાર્યાલય, અનુસ્નાતક વિભાગો, સંલગ્ન કોલેજો, ભાઇકાકા ગ્રંથાલય, મ્યુઝીયમ, યુસીક, કોમ્પ્યુટર સેન્ટર, આરોગ્ય કેન્દ્ર, યુનિવર્સિટી પ્રેસ તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે સૂચિત જાહેર તહેવારોની રજાઓ મંજૂર કરવા વિચારણા કરવાં બાબત. (બિડાણઃ ૬ પૃ. ૫૨)

આથી ઠરાવવામાં આવે છે કે રાજય સરકારશ્રીએ સને ૨૦૧૮ના પંચાંગી વર્ષ માટે જાહેર કરેલ તહેવારોની રજાઓના સંદર્ભમાં યુનિવર્સિટી કાર્યાલય, અનુસ્નાતક વિભાગો, સંલગ્ન કોલેજો, ભાઇકાકા ગ્રંથાલય, મ્યુઝીયમ, યુસીક, કોમ્પ્યુટર સેન્ટર, આરોગ્ય કેન્દ્ર, યુનિવર્સિટી પ્રેસ તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે સૂચિત જાહેર તહેવારોની રજાઓ મંજૂર કરવી.

**(હીસાબ વિભાગ)**

૧૫. તારીખઃ૨૨/૧૧/૨૦૧૭ને બુધવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિની સભાએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૭)

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૨૨/૧૧/૨૦૧૭ને બુધવારના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિની સભાએ કરેલ ભલામણો મંજૂર કરવી.

**(એસ્ટેટ વિભાગ)**

૧૬. તારીખઃ૨૩/૧૧/૨૦૧૭ને ગુરૂવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિની સભાએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૮)

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૨૩/૧૧/૨૦૧૭ને ગુરૂવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિની સભાએ કરેલ ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિની ભલામણ ક્રમાંકઃ ૧૧ બાબતે સંસ્કાર મંડળ, વલ્લભ વિદ્યાનગર હસ્તક સ્ટુડન્ટ હોલનું મકાન છે. તે યુનિવર્સિટી માલિકીનું છે. તેથી આ ટ્રસ્ટના પ્રમુખ તરીકે હોદ્દાગત રીતે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર તથા ઉપપ્રમુખ તરીકે નાયબ કુલસચિવ અને કમિટિમાં બે શિક્ષક સભ્યો યુનિવર્સિટી કોલોનીમાં રહેતા હોય તેમને નીમવા તથા ઘંટીનું મકાન છે તેના ભાડાની આવક યુનિવર્સિટી ફંડમાં જમા કરાવવા જાણ કરવી.

વધુમાં એમ પણ ઠરાવવામાં આવે છે કે સંસ્કાર મંડળના વર્તમાન બંધારણમાં જરૂરી ફેરફાર કરવા કાર્યવાહી હાથ ધરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિની ભલામણ ક્રમાંકઃ ૧૨ બાબતે સ્વીમીંગ પુલ બાંધકામના ટેન્ડર સંદર્ભે કોન્ટ્રાકટરના રજીસ્ટ્રેશન કલાસ AA ની જગ્યાએ કલાસ A રજીસ્ટ્રેશન ગ્રાહ્ય રાખવું.

૧૭. સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ કમિટિમાં બંધારણ મુજબ ઉપરાંતના બે સભ્યો કો-ઓપ્ટ કરવા ચર્ચા વિચારણા કરવા બાબત.

ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ કમિટિમાં બંધારણ મુજબ ઉપરાંતના બે સભ્યો કો-ઓપ્ટ કરવાની વિનંતી ગ્રાહ્ય રાખવી અને તે મુજબ નીચે દર્શાવેલ બે સભ્યોનો સમાવેશ કરવો.

૧. શ્રી પ્રજ્ઞેશકુમાર એ.પટેલ, સિન્ડિકેટ સભ્ય
૨. શ્રી ઈન્દ્રજીતભાઈ એન.પટેલ, સિન્ડિકેટ સભ્ય

**(મહેકમ વિભાગ)**

૧૮. શ્રી રમણભાઇ મગનભાઇ બારીયા, સીનીઅર ક્લાર્ક, અનુસ્નાતક બીઝનેશ સ્ટડીઝ વિભાગે તેઓના તારીખઃ૦૨/૧૧/૨૦૧૭ના પત્રથી આગામી વિધાનસભા ડીસેમ્બર-૨૦૧૭માં ૧૨૮ - હાલોલ વિધાનસભાના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવા માંગેલ પરવાનગી ઉપર ચર્ચા વિચારણા કરવા બાબત.

ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે શ્રી રમણભાઇ મગનભાઇ બારીયા, સીનીઅર ક્લાર્ક, અનુસ્નાતક બીઝનેશ સ્ટડીઝ વિભાગને આગામી વિધાનસભા ડીસેમ્બર-૨૦૧૭માં ૧૨૮ - હાલોલ વિધાનસભાના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવા માંગેલ વિનંતી ગ્રહ્ય રાખવી.

૧૯. સરદાર પટેલ યુનિવર્સિટીમાં વિવિધ વહીવટી વિભાગો તથા અનુસ્નાતક વિભાગોમાં વર્ગ-૪ની જગ્યા ઉપર તદ્દન હંગામી ધોરણે ફિકસ/દૈનિક વેતનથી કરવામાં આવતી નિમણૂકની નકકી કરેલ લાયકાતના ધારા ધોરણોમાં છુટછાટ આપવા પુનઃ વિચારણા કરવા બાબત.

લંબાણપુર્વકની ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીમાં વિવિધ વહીવટી વિભાગો તથા અનુસ્નાતક વિભાગોમાં વર્ગ-૪ની જગ્યા ઉપર તદ્દન હંગામી ધોરણે ફિકસ/દૈનિક વેતનથી કરવામાં આવતી નિમણૂકની નકકી કરેલ લાયકાતના ધારા ધોરણોમાં હાલ જે ધોરણ-૧૦ પાસ છે, તેમાં સુધારો કરીને પટ્ટાવાળા માટે તે મુજબ લાયકાતના ધોરણો રાખવા. સ્વીપર-હમાલ-મજૂર માટે માત્ર અક્ષરજ્ઞાન હોવું જોઇએ.

## ૨૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યની માહિતી :-

(૧) **(મંજૂરી આપ્યા તારીખઃ૨૧/૧૧/૨૦૧૭)**(એકેડેમિક વિભાગ)
સંયુકત શિક્ષણ નિયામક(કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ભલામણ પત્ર(ઓન લાઇન નકલ) તારીખઃ૧૭/૧૦/૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ કવટ/આઇએસસી-૮/ભરતી/૨૦૧૭/૧૫૭૭૩-૭૬થી રાજ્યની અનુદાનિત કોલેજમાં ડૉ. મનોજકુમાર આર. પટેલની આણંદ આર્ટ્સ કોલેજ, આણંદમાં **આચાર્ય** તરીકે નિમણુંક કરેલ છે. અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૧૪/ ૧૧/૨૦૧૭ના રોજ જોડાયા છે તેમની નિમણુંકને કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

તથા

(૨) સંયુકત શિક્ષણ નિયામક(કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ભલામણ પત્ર(ઓન લાઇન નકલ) તારીખઃ૨૭/૯/૨૦૧૭ના પત્ર ક્રમાંકઃકવટ/આઇએસસી-૮/ભરતી /૨૦૧૭/૧૪૫૯૧-૯૫થી રાજ્યની અનુદાનિત કોલેજમાં ડૉ. વિજયસિંહ એમ. વનારની આણંદ કોમર્સ કોલેજ, આણંદમાં **આચાર્ય** તરીકે નિમણુંક કરેલ છે. અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૧૪/ ૧૧/૨૦૧૭ના રોજ જોડાયા છે તેમની નિમણુંકને કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

(૩) (મંજૂરી આપ્યા તારીખ:૨૪/૧૧/૨૦૧૭)(જનરલ વિભાગ)

શૈક્ષણિક સ્તર ઉચું લાવવા માટે કરમસદ નજીક રવિપુરા ગામ દત્તક લેવા બાબત.

કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્ય ક્રમાંક : ૨૦.૧ થી ૨૦.૩ને બહાલી આપવામાં આવી.

## અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબતઃ

૨૧. યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રી રામસિંહ એચ.રાજપુતની અજમાયશી સમયગાળા દરમ્યાનની સેવાઓની સમીક્ષા કરવા બાબત.

આજ રોજની સિન્ડિકેટની બેઠકમાં, બેઠકના અધ્યક્ષ સ્થાનેથી યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રી રામસિંહ એચ.રાજપુતની હાલની અજમાયશી સમયગાળા દરમ્યાનની સેવાઓની સમીક્ષા કરવા બાબતનો એજન્ડા રજુ કરવામાં આવ્યો. આ અનુસંધાને રજીસ્ટ્રારશ્રી રામસિંહ એચ.રાજપુતને તેઓના અજમાયશી સમયગાળા દરમ્યાન આપવામાં આવેલ મેમા, નોટિસ તથા તાકીદના પત્ર વ્યવહારો રજુ કરવામાં આવ્યા.

હાલ નિયુકત યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રી રામસિંહ એચ.રાજપુતની નિમણુંક યુનિવર્સિટી દ્વારા પત્ર ક્રમાંકઃ બી/પી/આરએચઆર/૬૫૫૩ તારીખ:૩/૨/૨૦૧૬ના રોજના પત્રથી યુનિવર્સિટીના નિયમો મુજબ બે વર્ષના અજમાયશી ધોરણે કરવામાં આવેલ છે. તેઓ તારીખઃ ૦૨/૦૫/૨૦૧૬ના રોજ ફરજ ઉપર હાજર થયેલ હતા. તેઓનો આ અજમાયશી સમયગાળો તારીખઃ ૦૧/૦૫/૨૦૧૮ના રોજ પુર્ણ થાય છે.

આજ રોજ સિન્ડિકેટની બેઠકમાં યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રી રામસિંહ એચ.રાજપુતના અનુસંધાને રજુ કરવામાં આવેલ દસ્તાવેજોને ઉંડાણપુર્વક ચકાસી તેની ઉપર ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

> આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રી રામસિંહ એચ.રાજપુતની તેઓના અજમાયશી સમયગાળા દરમ્યાનની સેવાઓ સંતોષકારક નથી. અને તેથી તેઓને સરદાર પટેલ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર પદેથી અજમાયશી સમયગાળા દરમ્યાન તાત્કાલીક અસરથી ફરજમુકત કરવા અને નિયમ મુજબની છ માસની નોટીસના બદલામાં છ માસનો પગાર તેઓને ફરજ મુકત કરવાના હુકમ સાથે ચેકથી ચુકવી આપવો. વધુમાં હાલના રજીસ્ટ્રારશ્રીને ફરજમુકત કરતા રજીસ્ટ્રારનો ચાર્જ અન્ય કોઇને સોંપવાના આદેશ કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

ઉપરોકત ઠરાવ સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો.

નંબરઃ કે.૪/૮૫૯૦
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૨૯/૧૧/૨૦૧૭

Jagruti
કુલસચિવ વતી.

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ.